# ટોબિતની કુટુંબકથા

## (ફાધર વર્ગીસ પોલ)

'ટોબિત' ગ્રંથ બાઈબલના જ્ઞાન સાહિત્યનો એક સુંદર નમૂનો છે. આશરે ઈ.સ. પૂર્વે 200 ની આસપાસ રચાયેલા આ ગ્રંથમાં ઈતિહાસનાં પ્રસંગો અને પાત્રોને કેટલોક ઉલ્લેખ હોવા છતાં ઈતિહાસ સાથે એને કોઈ નાતો નથી. પણ બાઈબલના પંડિતો માને છે કે ટોબિતની બોધકથાને વાસ્તવિક્તાનો ઓપ આપવા માટે એમાં ઈતિહાસનો આશરો લેવાનો પ્રયત્ન થયો છે.

'ટોબિત' ગ્રંથનો આરંભ અશૂરના રાજા શાલ્મનેસ્સરના સમયમાં ઈસાયલમાંથી દેશવટો ભોગવી રહેલા ટોબિત નામના એક યહૂદી સદ્દગૃહસ્થની વાતથી થાય છે. તે જીવનભર સત્ય અને ન્યાયને માર્ગે ચાલનાર અને સત્કર્મો કરનાર તરીકે જાણીતો એક ખૂબ ધર્મિષ્ઠ માણસ છે.

'ટોબિત' ગ્રંથમાં ટોબિત પોતે કહે છે કે, "શાલ્સમનેસ્સરના વખતમાં હું મારા જાતભાઈઓને ઘણી વાર દાન આપતો હતોઃ મારા રોટલામાંથી ભૂખ્યાંને ભાગ આપતો હતો અને વસ્ત્ર વગરનાંને વસ્ત્રો આપતો હતો. જો હું મારા કોઈ જાતભાઈનું શબ નિનવેના કોટ બહાર પડેલું જોત તો તેને દફનાવતો."

મરેલાને દફનાવવા અને ગરીબોને મદદ કરવા જેવાં સત્કાર્યોના બદલામાં એના જાતભાઈઓ અને પડોશીઓ એની હાંસી ઉડાડે છે. અધૂરાનાં પૂરું એના દુર્ભાગ્યે ટોબિત બંને આંખે અંધ બને છે. અને એની પત્ની સુદ્ધાં એને ટોણો મારે છે. પરંતુ ટોબિત પોતાના ઉપર તૂટી પડેલી આપત્તિથી નિરાશ થયા વિના ઈશ્વર પ્રભુની પ્રાર્થના કરતાં કહે છે, "ઓ પ્રભુ, તું ન્યાયી છે અને તારાં બધાં કાર્ય ન્યાયી છે. તું જે કંઈ કરે છે તે સત્ય અને દયાને માર્ગે કરે છે. તું આ જગતનો ન્યાય કરનાર છે. માટે પ્રભુ, તું મને સંભાર, મારી સંભાળ લે, મારાં અને મારાં વડવાઓનાં પાપ કે ભૂલ માટે મને સજા ન કરીશ."

બન્યું એવું કે અરસામાં ટોબિતના દૂર માધ્યદેશના એકબાતાનામાં રહેતા એક સંબંધી રાગુએલની દીકરી સારાને પણ તેના બાપની એક દાસીને મોઢે અપમાનભર્યા શબ્દો સાંભળવા પડયા, કારણ, એક દુષ્ટ રાક્ષસ અસ્માદેવ સારાને પરેશાન કરતો હતો અને ગૃહસંસાર માંડે એ પહેલાં એના સાત-સાત પતિઓને એ રાક્ષસે મારી નાખ્યા હતા.

ટોબિતની જેમ સારા પણ પોતાના ઉપર આવી પડેલી આપત્તિથી ડગમગ્યા વિના ઈશ્વર પર પૂરા આસ્થા રાખીને પ્રાર્થના કરે છે. "ઓ દયાળુ દેવ, તારો જય હો ! તારા નામનો સદા જયજયકાર હો અને તારી આકી સૃષ્ટિ સદા તારી સ્તુતિ કરો. અત્યારે હું ઊંચું જોઈને તારા ઉપર મીટ માંડું છું. અને આ પૃથ્વી ઉપરથી ઉપાડી લેવાનો આદેશ કર, જેથી મારે આ મહેણાં વધુ સાંભળવાં ન પડે."

તે વખતે ટોબિતને માધ્યદેશમાં પોતાના એક સગા રાગેસ ગબાયેલને ત્યાં રાખેલા ચાંદીની યાદ આવે છે અને ચાંદી પરત મેળવવા માટે પોતાના દીકાર ટોબિયાસને તૈયાર કરીને ઉપદેશ આપે છે.

"હું મરી જાઉં ત્યારે મારો દફનવિધિ સારી રીતે કરજે. તારી માનું નામ જાળવજે અને જીવે ત્યાં સુધે તેને છોડીશ નહિ... બેટા, તે મરી જાય ત્યારે તેને એક જ કબરમાં મારી સોડમાં દફનાવજે."

"બેટા, જીવનભર રોજ પ્રભુને સંભારજેઃ કદી જાણીજોઈને ખોટું કરીશ નહિ કે તેની આજ્ઞાનો ભંગ કરીશ નહિ... તારી પાસે જે હોય તેમાંથી દાન આપવું... બેટા, વ્યભિચારથી ચેતતો રહેજે. તારા પૂર્વજોના કુળમાંથી કન્યા પસંદ કરજે... તારું કામ કરનારની મજૂરી તે જે દિવસે ચૂકવી દેજેઃ કોઈનો પૈસો બાકી રાખીશ નહિ... ભૂખ્યાંને રોટલો ને વસ્ત્ર માંગનારને વસ્ત્ર આપજે... દરેક ડાહ્યા માણસની સહાલ લેવી. હિતકર સલાહની કદી ઉપેક્ષા ન કરવી."

પછી ટોબિતના કહેવાથી ટોબિયાસ પોતાને રસ્તો બતાવવા પોતાની સાથે આવે એવા એક સહયાત્રીની શોધમાં ગયો અને એક ઈસાયલી જાતભાઈ તરીકે એને ફરિસ્તા રાફાએલનો ભેટો થયો. માર્ગમાં રાફાએલ એક મળતાવડો સહયાત્રી અને આદર્શ ભોમિય પુરવાર થયો.

રસ્તામાં રાફાએલે ટોબિયાસને એના કુટુંબી રાગુએલની પુત્રી સારાની વાત કરીને એને સારાને પરણાવાનો આગ્રહ કરતાં કહ્યું, "એ છોકરી, સમજુ, બહાદુર અને ખૂબ રૂપાળી છેઃ અને એના બાપની સારી પ્રતિષ્ઠા છે. તું એને પરણે એ યોગ્ય છે. મારું કહ્યું સાંભળ, ભાઈ જે રાતે જ હું એના બાપ સાથે એને વિશે વાત કરીશ અને તારા માટે એનુ માંગુ મૂકીશ અને રાગેસથી પાછા ફરતાં આપણે લગ્ન ઊજવીશું."

જ્યારે ટોબિસાએ સારા વિશેની રાફાએલની બધી વાતો સાંભળી ત્યારે તેના દિલમાં તેને વિશે પ્રેમ જાગ્યો અને તે પોતાની હૃદય તેને અર્પી ચૂક્યો.

જ્યારે ટોબિયાસ અને રાફાએલ એકબાતાના ખાતે પહોંચ્યા ત્યારે ટોબિયાસના આગ્રહ મુજબ રાફાએલ એને સીધા એના કુટુંબી રાગુએલને ત્યાં લઈ ગયો. રાગુએલને ત્યાં હાથ ધોઈ નાહીને જમતાં પહેલાં ટોબિયાસ સારાને પરણવા તૈયાર થયો. એટલે "રાગુએલે પોતાની દીકરી સારાને તેડાવીને મંગાવીને તેનો હાથ પકડીને ટોબિયાલને સોંપી દીધી. પછી તેણે મોસેની સંહિતા અનુસાર પોતાની દીકરી સારા ટોબિયાસને પરણવાનું ખત લખી કાઢયું."

જ્યારે તેઓ બધા ખાઈપીને પરવાર્યા ત્યારે ટોબિયાસ સારાના શયનખંડમાં ગયો અને રાફાએલની સૂચના મજુબ રસ્તામાં સાથે લીધેલી માછલીનું કાળજું અને હૃદય લઈને બળતા ધૂપમાં નાખ્યું. માછલીની ગંધથી અગાઉ બેઠેલી હેરાનપરેશાનીથી સારાને સંપૂર્ણ મુક્તિ મળી. પછી ટોબિયાસને રાફાએલે કહ્યું હતું તેમ તેણે સારા સાથે રક્ષણ માટે પ્રાર્થના કરી. પછી તે બંને આખી રાત સૂઈ ગયાં.

ત્યાર પછી રાગુએલની ઈચ્છા મુજબ પંદર દિવસ સુધી સાસરીમાં લગ્નની મિજબાની માણ્યા પછી ટોબિયાસ સારાને લઈને રાફાએલ સાથે પોતાના વતનમાં પરત ફર્યો. રાગુએને પોતાની પાસે જે કંઈ છે એનો અર્ધો ભાગ આપીને ટોબિયાસ અને સારાને વિદાય કર્યો.

દીકરાના પરત આવવા માટે આતુરતા તથા શંકાકુશંકાથી રાહ જોઈ રહેલા ટોબિતની પાસે જઈને ટોબિયાસે એની આંખોમાં રાફાએલે તૈયાર કરી આપેલી માછલીના પિત્તની દવા આંજી દીધી અને ટોબિતને ફરી દેખતો કર્યો. પછી ટોબિયાસે તેના બાપને પોતાના પ્રવાસની બધી વાતો કહી સંભળાવી.

"મારો પ્રવાસ સફળ થયો છે. હું ચાંદી પાછી લઈ આવ્યો છું. મેં રાગુએલની દીકરી સારા સાથે લગ્ન કર્યા છે. તે મારી પાછળ જ આવે છે. નિનવેના દરવાજા નજીક આવી પહોંચી હશે." તે દિવસે ટોબિતે ખૂબ ખુશ થઈને ઈશ્વરની સ્તુતિ કરી અને નિનવેના બધા યહૂદીઓને મિજબાની આપી,

ટોબિત ગ્રંથનો અંત રાફાએલની ઈશ્વરની તહેનાતમાં રહેનાર એક ફિરસ્તા તરીકેની ખરી ઓળખાણ અને એની શિખામણવાણીથી તથા ટોબિતના સ્તુતિગાનથી આવે છે.

ટોબિત ગ્રંથનો મુખ્ય મુદ્દો છે, માણસની શ્રધ્ધા અને ધીરજ,સ પોતાને થતી એક યા બીજા પ્રકારની હેરાનપરેશાનીમાં સત્પુરુષોએ ઈશ્વર પોતાને બધી આપત્તિઓમાંથી બહાર કાઢશે એવી શ્રદ્ધા અને ધીરજ રાખવી જોઈએ. બાઈબલના યોબ ગ્રંથમાં પણ આપણે આવો જ સાદોસીધો બોધપાઠ મળે દેશવટો ભોગવીને પાછી ફરેલી યહૂદી પ્રજાને ભક્તિ અને પ્રાર્થનાને તેમજ ધાર્મિક મૂલ્યો અને વલણોને પણ પ્રતિબિંબિત કરે છે.

છેલ્લે સંપૂર્ણ બાઈબલમાં ટોબિત ગ્રંથ વિશેની નોંધમાં કહેવામાં આવ્યું છે તેમ, સાચા માણસના જીવનની એકએક ઘટના ઉપર ઈશ્વરની કૃપાદષ્ટિ છે એ વાત આ કથામાંથી ફલિત ખાય છે. ઉપરાંત, કથાની સાથે સાથે ટોબિત અને ટોબિયાસનાં પાત્રોની વાતમાં  પરોપકર, ધર્મનિશ્ઠા લગ્નની પવિત્રતા, ઉપવાસ, પ્રાર્થના વગેરે વિશે વિવિધ ઉપદેશવાણી વણાયેલી જોવા મળે છે.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 01-09-2007)

(ફરી બદલવાની તારીખઃ 16-09-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007